
# અંબાણીના ઘર 'એન્ટિલિયા'માં કેમ બને છે દરરોજ 4,000 રોટલી?

**શેફનો** પગાર પણ લાખોમાં



મુંબઈ, તા. 22: ભારતના સૌથી ધનિક ઉદ્યોગપતિ મુકેશ અંબાણી અને તેમનો પરિવાર તેમની લક્ઝરી લાઈફસ્ટાઈલ માટે જાણીતો છે, પરંતુ તેમના ભોજનની વાત આવે ત્યારે તેઓ અત્યંત સાદગી પસંદ કરે છે. સોશિયલ મીડિયા પર હાલમાં એક ચર્ચા જોર પકડતી જોવા મળી રહી છે કે અંબાણીના ઘરે દરરોજ 4,000 રોટલીઓ તૈયાર કરવામાં આવે છે. આ આંકડો સાંભળીને આશ્ચર્ય થાય તે સ્વાભાવિક છે, પણ તેની પાછળનું કારણ ખૂબ જ ખાસ છે.

એન્ટિલિયામાં મુકેશ અંબાણીનો પરિવાર તો રહે જ છે, પરંતુ તેમની સેવામાં 600 જેટલા સ્ટાફ મેમ્બર્સ તૈનાત હોય છે. જેમાં સિક્યુરિટી ગાર્ડ્સ, ક્લીનર્સ, ડ્રાઈવર્સ, શેફ અને અન્ય સહાયકોનો સમાવેશ થાય છે. મુકેશ અંબાણી અને નીતા અંબાણી માને છે કે જે સ્ટાફ તેમના ઘરનું ધ્યાન રાખે છે, તેમને પણ પૌષ્ટિક અને તાજું ભોજન મળવું જોઈએ. આ 600 લોકોના ત્રણેય ટાઈમના જમવા માટે આધુનિક રોટલી મેકર મશીનો દ્વારા દરરોજ હજારો રોટલી તૈયાર થાય છે. એન્ટિલિયાનું રસોડું અત્યંત આધુનિક સુવિધાઓથી સજ્જ છે. અહીં એક ખાસ રોટલી બનાવવાનું મશીન ઈન્સ્ટોલ કરવામાં આવ્યું છે, જે માત્ર થોડી જ મિનિટોમાં સેંકડો રોટલીઓ તૈયાર કરી શકે છે. આ મશીનનો ઉપયોગ મુખ્યત્વે મોટા સ્ટાફ અને પ્રસંગો માટે કરવામાં આવે છે જેથી સમયની બચત થાય. દરેક રોટલી એકસરખા કદની, નરમ અને સ્વાદિષ્ટ હોય.

**ડેઈલી મેનૂ:**

અબજોપતિ હોવા છતાં અંબાણી પરિવાર શુદ્ધ શાકાહારી અને 'સાત્વિક' ભોજન લેવાનું પસંદ કરે છે:

**બ્રેકફાસ્ટ:** મુકેશ અંબાણી સવારની શરૂઆત પપૈયાના જ્યુસ અને દક્ષિણ ભારતીય વાનગીઓ જેવી કે ઈડલી-સાંભરથી કરે છે.

**લંચ:** બપોરના ભોજનમાં ગુજરાતી શૈલીની દાળ, ભાત, શાક, રોટલી અને સલાડ હોય છે.

**ડિનર:** રાત્રે તેઓ હલકો ખોરાક લે છે, જેમાં નાચણી કે બાજરીના રોટલા, ગુજરાતી શાક અને સૂપનો સમાવેશ થાય છે.

**સેલેબ્રિટી શેફ અને પગાર:**

એન્ટિલિયાના રસોડામાં કામ કરતા મુખ્ય શેફનો પગાર પણ કોઈ મોટી કંપનીના એક્ઝિક્યુટિવ જેટલો હોય છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અહીંના શેફને દર મહિને રૂ. ૨ લાખથી વધુનો પગાર આપવામાં આવે છે. આ ઉપરાંત સ્ટાફને વીમો અને બાળકોના શિક્ષણ જેવી સુવિધાઓ પણ મળે છે.

મુકેશ અંબાણીને આજે પણ માટુંગાની પ્રખ્યાત 'કાફે મૈસૂર'ની ઈડલી-સાંભર એટલી જ પ્રિય છે, જે તેઓ તેમના કોલેજ કાળમાં ખાતા હતા. તેઓ ઘણીવાર ત્યાંથી જમવાનું મંગાવે છે અથવા રૂબરૂ જઈને પણ સાદગીથી જમે છે.

# સુપ્રીમ કોર્ટની મમતા બેનર્જીને ફટકાર: "આવું વર્તન લોકશાહી માટે જોખમ

**મમતા** બેનર્જીએ ઈડીના દરોડા દરમિયાન ત્યાં પહોંચીને મહત્વના દસ્તાવેજો અને ઈલેક્ટ્રોનિક ઉપકરણો હટાવ્યા હોવાનો આરોપ છે

**સત્તા** પર બેસેલી વ્યક્તિ તપાસમાં દખલ કરે તો તે કાયદાના શાસન માટે ગંભીર પ્રશ્ન: સુપ્રીમ

નવી દિલ્હી, તા. 22: સુપ્રીમ કોર્ટે બુધવારે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીની કડક શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. જાન્યુઆરીમાં આઈ-પીએસીના સહ-સ્થાપક પ્રતીક જૈનના નિવાસસ્થાને જ્યારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) ના દરોડા ચાલુ હતા, ત્યારે મમતા બેનર્જીએ ત્યાં રૂબરૂ જઈને હસ્તક્ષેપ કર્યો હતો. કોર્ટે અવલોકન કર્યું કે મુખ્યમંત્રીનું આવું વર્તન લોકશાહીને જોખમમાં મૂકે છે.

જસ્ટિસ પી.કે. મિશ્રા અને એન.વી. અંજારિયાની બેન્ચે આ મામલાની તપાસ સીબીઆઈને સોંપવાની ઈડીની અરજી પર સુનાવણી કરતા કહ્યું હતું કે, કોઈ પણ રાજ્યના મુખ્યમંત્રી ચાલુ તપાસમાં આ રીતે દખલ કરી શકે નહીં. કોર્ટે પ્રશ્ન કર્યો કે, એક મુખ્યમંત્રી તપાસ સ્થળ પર જઈને પુરાવા સાથે ચેડાં કરે તે ઘટના બંધારણીય મર્યાદાઓનું ઉલ્લંઘન છે. ઈડીનો આરોપ છે કે મમતા બેનર્જીએ દરોડા દરમિયાન ત્યાં પહોંચીને મહત્વના દસ્તાવેજો અને ઈલેક્ટ્રોનિક ઉપકરણો હટાવ્યા હતા.

બીજી તરફ, પશ્ચિમ બંગાળ સરકાર અને મમતા બેનર્જી વતી વરિષ્ઠ વકીલોએ દલીલ કરી હતી કે ઈડી કોઈ વ્યક્તિ નથી અને તેને મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન ગણી શકાય નહીં. મમતા બેનર્જીએ આ કેસને 'રાજકીય વેર' ગણાવ્યો છે અને દાવો કર્યો છે કે તેઓએ જે સામગ્રી લીધી હતી તે ટીએમસીના રાજકીય કામ સાથે સંબંધિત હતી, મની લોન્ડરિંગ કેસ સાથે નહીં.

આ વિવાદ એવા સમયે આવ્યો છે જ્યારે બંગાળમાં 23 અને 29 એપ્રિલે વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. કોર્ટે ચિંતા વ્યક્ત કરી હતી કે સત્તા પર બેસેલી વ્યક્તિ તપાસમાં દખલ કરે તો તે કાયદાના શાસન માટે ગંભીર પ્રશ્ન છે. સુપ્રીમ કોર્ટે આ મામલે વધુ સુનાવણી ચાલુ રાખી છે.

# દ્રષ્ટિહીન લોકો માટે 'રોબોટ ગાઈડ ડોગ' બનશે નવી આંખો

**ચીનમાં** આધુનિક પરીક્ષણ શરૂ



બીજીંગ, તા. 22: ચીનમાં હાલમાં દ્રષ્ટિહીન લોકો માટે આધુનિક 'રોબોટ ગાઈડ ડોગ'નું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. આ ચાર પગવાળા રોબોટ અવાજ ઓળખી શકે છે અને સેન્સર્સ તેમજ કેમેરાની મદદથી રસ્તા પરના અવરોધો, ઢોળાવ અને સીડીઓ ઓળખીને સુરક્ષિત રસ્તો બતાવે છે.

આ રોબોટિક ગાઈડ ડોગ જીપીએસ અને અત્યાધુનિક સેન્સર્સથી સજ્જ છે, જે તેને ઘરની અંદર અને બહાર બંને જગ્યાએ ચોકસાઈથી કામ કરવામાં મદદ કરે છે. તેની ખાસિયત એ છે કે તે રસ્તામાં આવતા વળાંકો અને અવરોધોનું વર્ણન પણ કરી શકે છે. આ રોબોટ ટ્રાફિક સિગ્નલ પણ ઓળખી શકે છે. આ ટેકનોલોજીનો મુખ્ય હેતુ ગાઈડ ડોગની અછતને પહોંચી વળવા અને દ્રષ્ટિહીન લોકોને રોજિંદા જીવનમાં આત્મનિર્ભર

# હિમાચલના ચંબામાં પાકિસ્તાની બલૂન મળતા ફફડાટ





શિમલા, તા. ૨૨ (PTI): હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લાના એક ગામ પાસે ઝાડીઓમાંથી બુધવારે અંગ્રેજીમાં 'પીઆઈએ' લખેલું અને પાકિસ્તાનના રાષ્ટ્રીય ધ્વજની છાપ ધરાવતો એક સફેદ અને વાદળી રંગનો બલૂન મળી આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું. નાગલી ગ્રામ પંચાયતના પૂર્વ પ્રધાને આ બલૂન જોયો હતો અને ખૈરી પોલીસ સ્ટેશનને જાણ કરી હતી. ત્યારબાદ, ડેલહાઉસીના ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (ડીએસપી) મયંક શર્માના નેતૃત્વમાં એક પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. પોલીસે બલૂનને પોતાના કબજામાં લઈ પ્રોપર્ટી રૂમમાં સુરક્ષિત રાખ્યો છે અને આ મામલે તપાસ શરૂ કરી છે. ગ્રામજનોએ જણાવ્યું હતું કે, થોડા દિવસો પહેલાં જ આ વિસ્તારમાં આવો જ એક બલૂન જોવા મળ્યો હતો.

## પેજ 3

### ફરહાન અખ્તરને 10 કરોડ રૂપિયા પરત કરશે રણવીર સિંહ



મુંબઈ, તા. 22: 'ડોન 3'માંથી રણવીર સિંહના બહાર થયા બાદ રણવીર અને ફરહાન અખ્તર વચ્ચે ચાલી રહેલા વિવાદમાં એક મોટો વળાંક આવ્યો છે. હવે સમાચાર છે કે 'ધુરંધર' સ્ટાર રણવીર સિંહે વિવાદ ખતમ કરવા માટે એક મહત્ત્વનું પગલું ભર્યું છે. રિપોર્ટ અનુસાર, રણવીર સિંહે તેની સાઇનિંગ ફી પરત કરવા માટે સહમતી દર્શાવી છે, જે કથિત રીતે લગભગ 10 કરોડ રૂપિયા હતી. એટલું જ નહીં, રણવીર સિંહે ફરહાન અખ્તરની એક્સેલ એન્ટરટેઈનમેન્ટને તેની આગામી ફિલ્મમાં હિસ્સેદારી આપવાનું પણ વચન આપ્યું છે, જેનું નામ અત્યારે 'પ્રલય' રાખવામાં આવ્યું છે. જોકે, હિસ્સેદારીની ટકાવારી હજી સુધી જાહેર કરવામાં આવી નથી.

### ''હું સમાધાન નહીં કરીશ'': ચેક બાઉન્સ કેસમાં રાજપાલે કર્યો મોટો ખુલાસો



મુંબઈ, તા. 22: અભિનેતા રાજપાલ યાદવે પોતાની જિંદગીના સૌથી વિવાદાસ્પદ હિસ્સા પર વાત કરી છે. એક્ટર 5 કરોડના દેવાના કેસમાં 12 દિવસ સુધી જેલમાં રહ્યો હતો, જેને લઈને અનેક પ્રકારની હેડલાઇન્સ બની હતી. હવે તેમણે કાયદાકીય મુશ્કેલીઓથી લઈને ગેરસમજણો સુધી, દરેક બાબત પર પોતાનો પક્ષ રાખ્યો છે. એક પોડકાસ્ટમાં રાજપાલ યાદવે કહ્યું કે, આ વાત પૈસા કરતાં ક્યાંય વધુ ઊંડી હતી. આમાં સિદ્ધાંતો, ઇન્ડસ્ટ્રીનું રાજકારણ અને કાયદાકીય ગૂંચવણો સામેલ હતી. યાદવે કહ્યું કે લોકો વિચારે છે કે આટલી બધી ફિલ્મો કરનાર એક્ટર 5 કરોડનું દેવું સરળતાથી ચૂકવી દેત. પરંતુ અસલ મુદ્દાને સમજવા માટે આંકડાઓથી આગળ જોવું પડે છે. આ ક્યારેય પૈસાની અછતનો મામલો નહોતો, પરંતુ સિદ્ધાંતનો હતો.

### ટીવી-એક્ટર વિપુલ રોયના ઘરે લાખોની ચોરી



મુંબઈ, તા. 22: ટીવીના પોપ્યુલર શો 'એફઆઈઆર'માં જોવા મળી ચૂકેલા એક્ટર વિપુલ રોયના ઘરે ચોરીની ઘટના સામે આવી છે. એક્ટરે 21 એપ્રિલના રોજ નજીકના પોલીસ સ્ટેશનમાં પોતાની કામવાળી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે, જેના પછી પોલીસે તેની શોધખોળ શરૂ કરી દીધી છે. એક્ટરે નોંધાવેલી ફરિયાદ મુજબ, આ ઘટના 6 એપ્રિલની છે. એક્ટર વિપુલ રોય પત્ની અને પુત્રી સાથે મુંબઈના ખાર વેસ્ટમાં સ્થિત એસવી રોડની કલાનિકેતન સોસાયટીમાં રહે છે. તેમણે 6 એપ્રિલના રોજ પણ અર્બન કંપની દ્વારા દીપાલી સંય ખારવા નામની એક હાઉસહેલ્પને બોલાવી હતી, જેની ઉંમર આશરે 35 વર્ષ હતી. તેને સફાઈનું કામ આપવામાં આવ્યું હતું. દીપાલી તેના ઘરમાંથી રોકડ અને ઘરેણાં મળી 10 લાખ રૂપિયાની ચોરી કરી ફરાર થઈ ગઈ હતી.

**વિદાય વેળાએ રખડતા કૂતરાનો આતંક, 60થી વધુ મહેમાનોને બચકાં ભર્યા!**

# લગ્ન મંડપમાં કૂતરાએ મચાવ્યો કહેર

બદાયું (યુપી), તા. ૨૨ (પીટીઆઈ): ઉત્તર પ્રદેશના બદાયુંમાં એક બેન્ક્વેટ હોલ ખાતે કન્યાની વિદાય વેળાએ એક રખડતા કૂતરાએ આતંક મચાવતાં મહેમાનો અને પરિવારના સભ્યો સહિત 60થી વધુ લોકોને બચકાં ભરી ઘાયલ કર્યા હતા, જેના કારણે ભારે ગભરાટ અને અરાજકતા ફેલાઈ હતી. એમ અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું.

આ ઘટના સોમવારે બિસૌલી પોલીસ સ્ટેશનની હદમાં બિલ્સી રોડ પર આવેલા અભિનંદન બેન્ક્વેટ હોલમાં બની હતી, જ્યારે કૂતરો પરિસરમાં ઘૂસી ગયો હતો અને લોકો પર અંધાધૂંધ હુમલો કરવાનું શરૂ કર્યું હતું.

પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે, અચાનક થયેલા હુમલાને કારણે નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ હતી, જેમાં મહિલાઓ અને બાળકો બચવા માટે ચીસાચીસ કરીને દોડવા લાગ્યા હતા, કેટલાક લોકો તો દોડધામમાં પડી જવાથી પણ ઘાયલ થયા હતા.

કૂતરો પાછળથી રસ્તા પર નીકળી ગયો હતો અને ત્યાંથી પસાર થતા લોકો અને દુકાનદારો પર હુમલો કર્યો હતો. ત્યાર બાદ તે નજીકના ગામ તરફ ભાગી ગયો હતો, જ્યાં તેણે પશુઓને પણ બચકાં ભર્યાં હોવાનું મનાય છે.

ઘાયલોને બિસૌલીના સામુદાયિક આરોગ્ય કેન્દ્ર (સીએચસી) ખાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમને રજા આપતા પહેલા હડકવા વિરોધી ઈન્જેક્શન આપવામાં આવ્યા હતા. કેટલાક પીડિતોએ ખાનગી હોસ્પિટલોમાં પણ સારવાર લીધી હતી. સીએચસીના મેડિકલ ઓફિસર અરવિંદ વર્માએ જણાવ્યું હતું કે, સોમવારે 109 લોકોએ હડકવા વિરોધી સારવાર માટે નોંધણી કરાવી હતી, જેમાંથી લગભગ 60 લોકો બેન્ક્વેટ હોલની ઘટના સાથે સંકળાયેલા હતા.

# IMD દ્વારા પાંચ દિવસ 'હીટવેવ'ની આગાહી

**એક** તરફ હીટવેવની આફત, તો બીજી તરફ ઉત્તર-પૂર્વમાં ભારે વરસાદની આગાહી

નવી દિલ્હી, તા. 22 (PTI): ભારતીય હવામાન વિભાગ (આઈએમડી)એ બુધવારે જણાવ્યું હતું કે, આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન ઉત્તર-પશ્ચિમ, મધ્ય અને પૂર્વના મોટા ભાગના વિસ્તારોમાં હીટવેવની સ્થિતિ પ્રવર્તવાની શક્યતા છે.

પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીના છૂટાછવાયા ભાગોમાં 24 અને 25 એપ્રિલના રોજ હીટવેવની સ્થિતિની અપેક્ષા રાખી શકાય છે.

આઈએમડીએ જણાવ્યું હતું કે, "પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં 23-25 એપ્રિલ દરમિયાન; પૂર્વી ઉત્તર પ્રદેશમાં 22-26 એપ્રિલ દરમિયાન; રાજસ્થાનમાં 24-26 એપ્રિલ દરમિયાન; મધ્ય પ્રદેશમાં 23-26 એપ્રિલ દરમિયાન; વિદર્ભ અને છત્તીસગઢમાં 24-27 એપ્રિલ દરમિયાન; પશ્ચિમ બંગાળના ગંગા કિનારાના વિસ્તારો, બિહાર અને ઝારખંડમાં 22 અને 23 એપ્રિલના રોજ હીટવેવની સ્થિતિ જોવા મળે તેવી શક્યતા છે."

હવામાન કચેરીએ જણાવ્યું હતું કે ઓડિશા, દરિયાકાંઠાના આંધ્ર પ્રદેશ, યાનમ, ગંગા કિનારાના પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ, માહે, દરિયાકાંઠાના કર્ણાટક અને ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં 22થી 25 એપ્રિલ દરમિયાન છૂટાછવાયા સ્થળોએ ગરમ અને ભેજવાળી સ્થિતિ પ્રવર્તવાની શક્યતા છે.

આ સમયગાળા દરમિયાન હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ઓડિશા, કોંકણ અને ગોવાના છૂટાછવાયા વિસ્તારોમાં રાત્રિ દરમિયાન ગરમી રહેવાની શક્યતા છે.

દરમિયાન, આઈએમડી અનુસાર, ઉત્તર-પૂર્વ અને પૂર્વીય ભારતના ભાગોમાં અઠવાડિયા દરમિયાન ગાજવીજ અને વીજળીના કડાકા સાથે છૂટાછવાયાથી વ્યાપક વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે, "અઠવાડિયાના ઘણા દિવસો દરમિયાન ઉત્તર-પૂર્વ ભારતમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની પણ શક્યતા છે."

# માલેગાંવ બ્લાસ્ટ: બોમ્બે હાઈકોર્ટે ચાર આરોપીઓને દોષમુક્ત કર્યા

**પુરાવાઓના** અભાવે આતંકવાદ સહિતના તમામ આરોપો રદ; 19 વર્ષ પછી પણ 31 લોકોના મોતના અસલી ગુનેગાર કોણ?

મુંબઈ, તા. 22 (પીટીઆઈ): બોમ્બે હાઈકોર્ટે બુધવારે 2006ના માલેગાંવ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસમાં ચાર આરોપીઓ–રાજેન્દ્ર ચૌધરી, ધન સિંહ, મનોહર રામ સિંહ નરવરિયા અને લોકેશ શર્મા સામેના ત્રાસવાદ સહિતના તમામ આરોપો રદ કરીને તેમને દોષમુક્ત કર્યા છે.

ચીફ જસ્ટિસ ચંદ્રશેખર અને જસ્ટિસ શ્યામ ચાંડકની બેન્ચે વિશેષ એનઆઈએ કોર્ટના ચાર્જ ફ્રેમ કરવાના નિર્ણયને પડકારતી તેમની અરજીઓને મંજૂરી આપી હતી. જોકે, આ ચુકાદા સાથે 31 લોકોના જીવ લેનારા આ વિસ્ફોટો માટે ખરેખર કોણ જવાબદાર હતું તે પ્રશ્ન હજુ પણ વણઉકેલાયેલો રહ્યો છે.

8 સપ્ટેમ્બર, 2006ના રોજ નાસિક જિલ્લાના માલેગાંવમાં શુક્રવારની નમાજ બાદ હમીદિયા મસ્જિદ અને બડા કબ્રસ્તાન સહિત ચાર સ્થળોએ બોમ્બ વિસ્ફોટ થયા હતા, જેમાં 31 લોકો માર્યા ગયાં હતાં અને 312 ઈજાગ્રસ્ત થયા હતા. આ કેસની તપાસમાં અનેક વળાંકો આવ્યા છે.

1. એટીએસ અને સીબીઆઈ તપાસ: મહારાષ્ટ્ર 'એટીએસ'એ શરૂઆતમાં નવ મુસ્લિમ યુવકોની ધરપકડ કરી હતી. ત્યારબાદ સીબીઆઈએ પણ આ જ થિયરીને સમર્થન આપ્યું હતું.

2. એનઆઈએની એન્ટ્રી: 2011માં એનઆઈએએ તપાસ સંભાળી અને દાવો કર્યો કે આ વિસ્ફોટો પાછળ જમણેરી કટ્ટરપંથીઓનો હાથ હતો. તેમણે અગાઉના 9 મુસ્લિમ આરોપીઓને ક્લીનચીટ આપી અને આ ચાર નવા આરોપીઓની ધરપકડ કરી હતી.

હાઈકોર્ટમાં આરોપીઓએ દલીલ કરી હતી કે એનઆઈએ તેમની વિરુદ્ધ કોઈ પુરાવા રજૂ કરી શકી નથી. અગાઉ 2019માં પણ કોર્ટે નોંધ્યું હતું કે આ લોકો ટ્રાયલ વગર 6 વર્ષથી જેલમાં છે અને તેમને જામીન આપ્યા હતા. એનઆઈએ કોર્ટે ગયા વર્ષે તેમની સામે ચાર્જ ફ્રેમ કર્યા હતા, જેને હવે હાઈકોર્ટે રદ કરી દીધા છે. આ કેસ 19 વર્ષથી ચાલતો હોવા છતાં ગુનેગારો સુધી પહોંચવામાં એજન્સીઓ નિષ્ફળ રહી હોવાનું જણાય છે.





# ટ્રમ્પના યુદ્ધવિરામ નિર્ણય બાદ સોશિયલ મીડિયા પર 'TACO' ટ્રેન્ડ

**ટ્રમ્પ** હંમેશા ડરી જાય છે": ઈરાન મુદ્દે ટ્રમ્પના યુ-ટર્ન પર મીમ્સનું ઘોડાપૂર

નવી દિલ્હી, તા. 22: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાન સાથેના યુદ્ધવિરામને છેલ્લી ઘડીએ અનિશ્ચિતકાળ માટે લંબાવવાની જાહેરાત અને હોર્મુઝની સામુદ્રધુનીની નાકાબંધી ચાલુ રાખવાના નિર્ણય બાદ સોશિયલ મીડિયા પર મીમ્સનું પૂર આવ્યું છે. ઈન્ટરનેટ યુઝર્સ ટ્રમ્પની 'કડક છબિ' સામે તેમના આ નિર્ણયની ભારે મજાક ઉડાવી રહ્યા છે.

ઘણા યુઝર્સ આ પરિસ્થિતિને 1993ની ફિલ્મ 'ગ્રાઉન્ડહોગ ડે' સાથે સરખાવી રહ્યા છે, જેમાં મુખ્ય પાત્ર એક જ દિવસ વારંવાર જીવે છે. લોકોનું કહેવું છે કે ઈરાન સાથેના યુદ્ધમાં પણ રોજ એકની એક વાતો થઈ રહી છે. ખાસ કરીને 'ટેકો' (TACO) શબ્દ વાયરલ થયો છે, જેનો અર્થ લોકો 'Trump Always Chickens Out' (ટ્રમ્પ હંમેશા ડરીને પીછેહઠ કરે છે) કરી રહ્યા છે.

એક મીમમાં ટ્રમ્પને ઈરાનના સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઈ સામે ઘૂંટણિયે બેસી ટેકો (મેક્સિકન વાનગી) પીરસતા બતાવાયા છે. અન્ય મીમ્સમાં ઉપપ્રમુખ જેડી વેન્સની પણ મજાક ઉડાવાઈ છે, જેમાં તેમને પાકિસ્તાનમાં ઈરાની પ્રતિનિધિમંડળની કલાકો સુધી રાહ જોઈને ઊંઘી ગયેલા બતાવાયા છે. લોકો એ વાત પર હસી રહ્યા છે કે ટ્રમ્પ ઈન્ટરવ્યુમાં યુદ્ધવિરામ ન લંબાવવાની વાત કરે છે અને થોડા જ કલાકોમાં નિર્ણય બદલી નાખે છે. વૈશ્વિક ગંભીર પરિસ્થિતિ વચ્ચે સોશિયલ મીડિયા પર આ મીમ્સ ભારે વાયરલ થઈ રહ્યા છે.

# ગેસની ચિંતા છોડો, ઈન્ડક્શન થશે સસ્તું

**સરકાર** કસ્ટમ ડ્યુટી અને GST ઘટાડવા પર કરી રહી છે વિચારણા

**હોર્મુઝમાં** અવરોધના કારણે રાંધણ ગેસના પુરવઠા પર અસર થતા લોકોમાં ઇન્ડક્શન હીટરની માગ વધી છે

**વાણિજ્ય** મંત્રાલયે ઇન્ડક્શન કૂકટોપ પરનો વેરો 18 ટકાથી ઘટાડી 5 ટકા કરવા ભલામણ કરી

નવી દિલ્હી, તા. 22 (પીટીઆઈ): પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટને કારણે દરિયાઈ માર્ગો ખોરવાતા અને રાંધણ ગેસના પુરવઠા પર અસર પડતા ભારત સરકાર એક્શન મોડમાં આવી છે. ગેસના વિકલ્પ તરીકે ઈન્ડક્શન કૂકટોપની વધતી માગને જોતા અને તેની વધતી કિંમતોને અંકુશમાં રાખવા માટે સરકાર તેના મહત્વના ઘટકો પરની કસ્ટમ ડ્યુટી ઘટાડવા પર વિચારણા કરી રહી છે.

આ ઉપરાંત, વાણિજ્ય મંત્રાલયે ઈન્ડક્શન કૂકટોપ પરનો જીએસટી 18 ટકાથી ઘટાડીને 5 ટકા કરવાની પણ ભલામણ કરી છે જેથી તે સામાન્ય લોકો માટે સસ્તું બની શકે.

હોર્મુઝની સામુદ્રધુનીમાં જહાજોની અવરજવર ખોરવાતા લોકોમાં ગેસની અછતનો ડર પેઠો છે, જેના કારણે ઈન્ડક્શન હીટરની ખરીદીમાં ભારે ઉછાળો આવ્યો છે. આ માગને પહોંચી વળવા માટે ઉદ્યોગો અને આંતરિક વેપારને પ્રોત્સાહન માટેના વિભાગે (ડીપીઆઈઆઈટી) ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓ સાથે બેઠક કરી છે. સરકારે ઈલેક્ટ્રિકલ એપ્લાયન્સીસ માટેના ફરજિયાત ક્વોલિટી કંટ્રોલ ઓર્ડર (ક્યુસીઓ) ના અમલીકરણની સમયમર્યાદા પણ ઓક્ટોબર 2026 સુધી લંબાવી દીધી છે.